અપીલ અરજી નં.૨૧૦ તા.૧૩–૧૦–૦૮

અરજદારઃ શ્રી કાંતિભાઈ નરોત્તમભાઈ પટેલ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાંતિભાઈ નરોત્તમભાઈ પટેલ ની તા.૨૮–૮–૦૮ની અરજીથી મોજે–પીસાદ,તા.સીટી સુરતના રે.સ.નં.૧૪/એ/બી પ્લોટ નં.૯૧ થી નોંધાયેલ ઈચ્છાનગર સોસા.ના ટેના નં.૩૯એ–૦૧–૫૩૯૧–૦–૦૦૧ માં માયાબેન રમણભાઈ પટેલે ખોટી રીતે નામ ફેરફાર હાલમાં કરાવેલ છે તે અંગે તેઓ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાઓની નકલ તેમજ તે અંગે થયેલ કાર્યવાહીના ડોકયુમેન્ટની પુરાવાઓની નકલ તેમજ તે અંગે ખાતાકીય કાર્યવાહી રીપોર્ટની પ્રમાણિત નકલો સહિતની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૩–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૧૦/૨૦૦૮–૦૯

શ્રી કાંતિભાઈ નરોત્તમભાઈ પટેલ ની તા.૨૮–૮–૦૮ની અરજીથી મોજે–પીસાદ,તા.સીટી સુરતના રે.સ.નં.૧૪/એ/બી પ્લોટ નં.૯૧ થી નોંધાયેલ ઈચ્છાનગર સોસા.ના ટેના નં.૩૯એ–૦૧–૫૩૯૧–૦–૦૦૧ માં માયાબેન રમણભાઈ પટેલે ખોટી રીતે નામ ફેરફાર હાલમાં કરાવેલ છે તે અંગે તેઓ તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવાઓની નકલ તેમજ તે અંગે થયેલ કાર્યવાહીના ડોકયુમેન્ટની પુરાવાઓની નકલ તેમજ તે અંગે ખાતાકીય કાર્યવાહી રીપોર્ટની પ્રમાણિત નકલો સહિતની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં માંગ્યા મુજબની માહિતી ન મળેલ હોવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૭૮ તા.૧૮–૧૦–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદરે ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી આજ દિન સુધી અત્રેના વિભાગને માહિતી મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૮–૮–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલી ન હોવાથી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી આરટીઆઈ કાયદાની કલમ –૭ (૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવેલ છે. તથા જાહેર માહિતી અધિકારીને આરટીઆઈ એકટની અરજીઓની માહિતી સમયઅવધિમાં પૂરી પાડવા દફતરી તકેદારી સૂચિત કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ,....જાણ તથા અમલ માટે
(૨) શ્રી કાંતિભાઈ નરોત્તમભાઈ પટેલ